eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 320
July 13, 2012

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૭/૦૭/૨૦૧૨ ના રોજ પનાસ શહેરી આરોગ્ય કેન્દ્ર, નહેર પાસે, પનાસગામ, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## માહે જુન ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુન ૨૦૧૨ દરમ્યાન ૩૭૨૪ ઈન્ડોર તથા ૩૬૧૩૯ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૪૪ તથા ૫૪૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૮૪૮૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"નું આયોજન

હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"નું આયોજન તા.૧૮/૦૭/૨૦૧૨ને બુધવારના રોજ સવારે ૮. ૦૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં રહેતા ૯ થી ૧૩ વર્ષની વયના તરણવીરો ભાગ લઈ શકશે....

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નોર્થઝોન (કતારગામ)ના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા/નિબંધ સ્પર્ધા અને કવીઝ સ્પર્ધાનું આયોજન

નોર્થઝોન (કતારગામ)ના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ ઝોન ખાતે "મેલેરીયા/ડેંગ્યુ વિરોધી માસ" અંતર્ગત રાખવામાં આવેલ ચિત્ર સ્પર્ધા/કવીઝ સ્પર્ધા/નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શાળાના બાળકો તેમજ શિક્ષકગણોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૭/૦૭/૨૦૧૨ ના રોજ પનાસ શહેરી આરોગ્ય કેન્દ્ર, નહેર પાસે, પનાસગામ, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મા.મેયરશ્રીરાજેન્દ્ર એ.દેસાઈ, ડે.મેયરશ્રીમતિ વર્ષાબેન રાણા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહ, મ્યુનિ. સદસ્ય શ્રી કિશોરભાઈ બિંદલ, શ્રીબળવંતભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ મારૂ, શ્રીવિજયભાઈ માસ્તર, મ્યુનિ. સદસ્યા શ્રીમતિકલ્પનાબેન અટોદરીયા, શ્રીમતિસુચિત્રાબેન પટેલ, શ્રીમતિકિશોરીબેન કાપડીયા, શ્રીમતિરંજનબેન પટેલ, અઠવાઝોનના ઝોનલ ચીફ શ્રીસી.વાય.ભટ્ટ, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત એસ.દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી ડો.કલ્પેશ ખત્રી, ડો.આશીષ નાયક, મેડીકલ ઓફીસર વર્ગ–૧, કુટુંબ કલ્યાણ બ્યુરોના ડો.અરૂણાબેન પટેલ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, પનાસ / અલથાણ / ઉમરા શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર ડો.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા છેલ્લા સાત વર્ષથી વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પોનું આયોજન કરે છે. ''સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. નાગરીકોને આવા વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ.તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવેલ હતુ.

શાસક પક્ષના નેતાશ્રીદયાશંકર શકલનારાયણ સિંહે, પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુકે, આ વર્ષનો આ પ્રથમ મેડીકલ કેમ્પ છે. સુરત શહેરનો ખુબજ ઝડપથી વિકાસ થઈ રહયો છે. જેની સાથે સાથે સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત જાગૃત છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તમામ ઝોનમાં સ્લમ – સ્લમલાઈક વિસ્તારોમાં પ્રતિ વર્ષ વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પો યોજે છે. જેનો લાભ લેવા નાગરીકોને વિનંતી કરેલ. મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરિકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા, યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતું''.

**Continue …**

ડે.મેયર શ્રીમતિ વર્ષાબને રાણાએ પ્રાસંગિક પ્રવચનમાં આ વિસ્તારના રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા,આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા આ વિસ્તારને સુંદર અને સ્વચ્છ રાખવા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યું હતું. મધ્યમ તથા ગરીબ વર્ગના નાગરીકોને ઘરઆંગણે વિના મૂલ્યે તબીબી સારવારનો લાભ મળી રહે તે માટે આવા કેમ્પો યોજવામાં આવે છે જેમાં નિષ્ણાંત ડોકટરો મારફતે નિદાન કરી સારવાર આપવામાં આવે છે.આ વિસ્તારના રહીશોને મહાનગરપાલિકા તરફથી તો સારી સુવિધા આપવામાં આવી જ છે સાથે વિસ્તારને સુંદર અને સ્વચ્છ રાખવા, ગમે ત્યાં કચરો ન નાખવા જણાવ્યું હતું. તેમજ બાળકોને યોગ્ય શિક્ષણ આપવા મા–બાપને અનુરોધ કર્યો હતો.

મા.મેયરશ્રીરાજેન્દ્રભાઈ દેસાઈએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, '' પહેલુ સુખ તે જાતે નર્યા '' નાગરીકોએ જાગૃત રહીને પોતાનું ઘર, આંગણું સ્વચ્છ રાખવું જોઈએ. ઘરનો કચરો ગમે ત્યાં ન નાંખતા ડોર ટુ ડોર કચરા ગાડી આવે ત્યારે તેમને જ કચરો આપવા જણાવેલ. મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે આરોગ્ય લક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે જેમાં પાણી જન્ય / પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની જાણકારી આપવામાં આવે છે.સ્થાનિક રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા તથા યોજવામાં આવેલ પ્રદર્શન નિહાળી તેનો અમલ કરવા જણાવ્યુ હતું''. પ્રદર્શનમાં બતાવ્યા મુજબ આપણા ઘરની આસપાસ પાણીનો ભરાવો ન થાય અને મચ્છરની ઉત્તપત્તિ ન થાય તેની ખાસ કાળજી રાખવા જણાવેલ. ખાસ કરીને ચોમાસા દરમ્યાન બહારનો ખુલ્લો ખોરાક ન ખાવા અને બાળકોનું નિયમિત રસીકરણ કરવા જણાવેલ. સુરત મહાનગરપાલિકાની આરોગ્ય લક્ષી કામગીરીને બિરદાવી આરોગ્યના તમામ અધિકારી / કર્મચારીઓને અભિનંદન આપેલ.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો પનાસ શહેરી આરોગ્યની આસપાસ વિસ્તારના <u>**કુલ ૨૭૩**</u> લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૩૫, ચામડીના નિષ્ણાત દ્વારા ૫૫, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૨૫, બાળરોગ નિષ્ણાત દ્વારા ૪૨, ફિઝીશ્યન દ્વારા ૭૦, સર્જન દ્વારા ૦૯, મેડીકલ ઓફીસર દ્વારા ૩૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૦૨ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૪૬ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૨૦ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૨૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૬૦, ઓરલ પીલ્સ ૨૪ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૮૧૦, ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૪ બાળકને બી.સી.જી., ૧૩ બાળકોને ડીપીટી, ૧૨ બાળકોને પોલીયોની રસી આપવામાં આવી હતી તથા ૩૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર શ્રીએમ.કે.દાસના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધ :– આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ.૧૪/૦૭/૧૨ ના રોજ આંજણા શહેરી આરોગ્ય કેન્દ્ર, ડુંભાલ ટેનામેન્ટ પાસે, મીઠીખાડી, સુરત, ખાતે રાખવામાં આવેલ છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.**

TOP

## માહે જુન ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુન ૨૦૧૨ દરમ્યાન ૩૭૨૪ ઈન્ડોર તથા ૩૬૧૩૯ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૫૪૪ તથા ૫૪૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૮૪૮૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૬૬૮ અને જુના ૧૩૩૨ દર્દીઓ સહીત કુલ ૨૦૦૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૧૨૧ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૪૭૩ તથા આંખ વિભાગમાં ૨૪૨૧ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૩૭૪૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"નું આયોજન

હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"નું આયોજન તા.૧૮/૦૭/૨૦૧૨ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં રહેતા ૯ થી ૧૩ વર્ષની વયના તરણવીરો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી. મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા.૧૬/૦૭/૨૦૧૨ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો અથવા સ્કુલ બોનાફાઈડ સર્ટીફિકેટ, ડોકટરનું ફીટનેસ સર્ટીફિકેટ તથા વાલીની લેખિત સંમતિ સહિત પરત કરવાના રહેશે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા/નિબંધ સ્પર્ધા અને કવીઝ સ્પર્ધાનું આયોજન

નોર્થઝોન (કતારગામ)ના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ ઝોન ખાતે ''મેલેરીયા/ડેંગ્યુ વિરોધી માસ'' અંતર્ગત રાખવામાં આવેલ ચિત્ર સ્પર્ધા/કવીઝ સ્પર્ધા/નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શાળાના બાળકો તેમજ શિક્ષકગણોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. અને તેઓને મચ્છરજન્ય રોગો વિશે વિસ્તૃત માહિતી તેમજ અટકાયતના પગલાં વિશે સમજણ આપવામાં આવેલ છે.સદર સ્પર્ધા દરમ્યાન તેજસ્વી બાળકોને પ્રોત્સાહિત ઈનામ કતારગામ ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી ડી.સી.ગાંધી સાહેબ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી એમ.એન.પટેલ સાહેબ તથા આસી.જંતુનાશક અધિકારીશ્રી ડો.ગાયત્રી આર.જરીવાલા ધ્વારા આપવામાં આવેલ છે. કવીઝ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કે.એન્ડ એમ.પી. પટેલ વિદ્યાલયનાં શ્રી પરમાર આકાશ અમરસિંહ, નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કસ્તુરબા વિદ્યાલયનાં વરિયા અગ્રતા રજનીશકુમાર તથા ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે શ્રી સ્વામીનારાયણ વિદ્યાલયનાં કાછડિયા મિત વિનોદરાય આવેલા હતા.

TOP